TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

اَنَامَدِیْنَۃُ الْعِلْمِ وَعَلِیٌّ بَابُھَا

તન્ઝીમુલ મકાતિબ ના અભ્યાસક્રમ મુજબ

ઈમામિયા

# દીનિયાત

1

પ્રકાશક

તન્ઝીમુલ મકાતિબ

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

(તન્ઝીમુલ મકાતિબના અભ્યાસક્રમ મુજબ)

ઈમામિયા

# દીનિયાત

## ધોરણ 1 માટે

: પ્રકાશક :


તન્ઝીમુલ મકાતિબ

ગોલાગંજ, લખનઉ-૧૮

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org


| | |
|---|---|
| નામ કિતાબ | દીનીયાત અવ્વલ |
| સ. તબાઅત | September 2015 |
| તઅદાદ | 3000 |
| મતબૂઆ | ઈમ્પ્રેશર પ્રિન્ટ હાઉસ - લખનઉ |
| પ્રકાશક | તન્ઝીમુલ મકાતિબ લખનઉ |
| કીમત | Rs. 24/- |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# તન્ઝીમની અરઝ

તન્ઝીમુલ મકાતિબના સ્થાપક ખતીબે આઝમ મૌલાના સૈયદ ગુલામ અસ્કરી અ. મ. એ દેશમાં ફેલાયેલ મોઅમિન બિરાદરોના બાળકો બાળકો સુધી દીનનો સંદેશ પહોંચાડવા માટે **15** જમાદીઉલ ઉલા હિ.**1388** ના દીવસે થોડા મદ્રેસાથી તન્ઝીમુલ મકાતિબની શુરૂઆત કરેલ અને હિન્દુસ્તાન જ નહિ પણ એશીયાભર માં પોતાની આગવી ઓળખથી એક માત્ર પહેલી સંસ્થા મૌજૂદ છે. જેણે બાળકોની પ્રાથમીક દીની તઅલીમ માટે કુરઆન, દીનીયાત અને ઉર્દૂ ઉપર સચોટ અને પૂરે પૂરો શૌક્ષણીક કોર્ષ રજુ કર્યો.

મકતબમાં વિવિધ વિસ્તારોમાં રહેતા મોઅમેનીનની સરળતાને ધ્યાન રાખી દીનીયાતની કિતાબને ગુજરાતી, બંગાળી, અંગ્રેજી, હિન્દી વિગેરે ભાષામાં પ્રસિદધ કરવામાં આવી જેથી ઉર્દૂ ભાષાથી અજાણ લોકો દીનથી અજાણ ન રહે અને ઝરૂરી દીની માહિતી કૌમના દરેક બાળકને પોતાની માતૃભાષામાં મળી રહે.

ઈમામીયા ઉર્દૂ રીડરની ગોઠવણ પણ આ અંદાજથીજ કરવામાં આવેલ કે તે ફકત નીયમ માટેની કિતાબ ન હોય પરંતુ ઈસ્લામના રીત રીવાજ ને તેના મુળ અંદાજમાં સ્પષ્ટ રજુ કરે જેથી ઈમામીયા ઉર્દૂ રીડરમાં ક્ષણ ભંગુર પાત્રોની ભરમાર, પાયા વિહોણી અને ફરેબી વાત અને વાર્તાની જગ્યાએ ઈસ્લામના મજબૂત ઉસુલને પેશ કરનાર અને રસ્તો ચીંધનાર ઈસ્લામના સિરતદાર અને સુધારક પ્રતિબીંબોના અખલાકી બનાવોને ગોઠવવામાં આવ્યા.

પરંતુ ઉર્દૂથી અજાણ વિસ્તારામાં માતૃભાષામાં શીક્ષણ મેળવનારબાળકો ઈમામીયા ઉર્દૂ રીડર અને તેના ફાયદા તથા જલકારીથી કોસો દુર રહેતા હતા જેથી આ બાબત ધ્યાનમાં આવતા કોશીષ કરવામાં આવી કે ઉર્દૂ રીડરના તે પાઠોને બીજી ભાષામાં દીનીયાતમાં મેલવી દેવામાં આવે.

આ વીશે અમો શાબાન એજયુકેશન ટ્રસ્ટ મહુવાનો આભાર માનીએ છીએ કે તેઓના જવાબદારોએ પોતાની જાણકારીને કામમાં લાવી સંપુર્ણ રીતે ન ફકત આ કામ પુરૂ કર્યુ પરંતુ દરેક પાઠની સાથે તેના પુનરાવર્તનનો પણ વધારો કાર્યો જેથી દરેક ધોરણ માટે વર્ક બુક રૂપે અલગ પ્રકાશન પ્રકાશિત કરી રહયા છીએ.

આશાછે કે દીનીયાતની આ પહેલી કિતાબ બાળકો માટે ખૂબજ ફાયદા કારક રહેશે.

"પહેલી નીશાની કદી પણ છેલ્લો અક્ષર નથી બનતો" અને તમામ જાણકાર અને તાલીમ સાથે સંકળાયેલ તથા જ્ઞાન અને શીક્ષણથી જોડાયેલા દરેક લોકોની દીલચશ્પી અને સહકારની અપેક્ષા ઈચ્છીએ છીએ.

વસ્સલામ<br>
સૈયદ સફી હૈદર<br>
સેકરેટ્રી તન્ઝીમુલ મકાતિબ<br>
લખનઉ

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# સૂચના

## (શિક્ષકો માટે)

(૧) શબ્દોના અર્થો લખાવીને યાદ કરાવવા. તેમજ ભાવાર્થ મગજમાં ઉતારવો.

(૨) પાઠ પૂરો થયા બાદ શિક્ષકે એવા પ્રશ્નો પૂછવા, કે જેનાથી બાળકો સમજ્યા હોય તેવા અર્થવાળું વળતું બયાન આપી શકે.

(૩) પાઠ પૂરો થયા પછી શિક્ષકે પ્રશ્નો ટૂંકમાં લખાવીને મોઢે કરાવવા. મસાએલમાં જરૂરત પ્રમાણે પ્રાયોગિક ધોરણે શિક્ષણ આપવામાં આવે અને જરૂરી સૂરા યાદ કરાવવામાં આવે.

દરેક નશરીયાંત અને મતબુઆત તથા લખાણ તન્ઝીમુલ મકાતિબ સંસ્થાના હક્કમાં તન્ઝીમુલ મકાતિબમાં સેફ છે. રજા વગર પુરી અથવા કોઇ ભાગ પ્રકાશિત કરવા પર કાનુની રાહે પગલા લેવામાં આવશે.

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 1
# અલલાહ

જિસને પૈદા કિયા, જિસને સબ કુછ દિયા,
મેરા અલ્લાહ હૈ મેરા અલ્લાહ હૈ

સબ કા ખાલિક હૈ જો, સબકા રાઝિક હૈ જો,
મેરા અલ્લાહ હૈ મેરા અલ્લાહ હૈ

જિસને સબઝે ઉગાએ, જિસને તારે બનાએ,
મેરા અલ્લાહ હૈ મેરા અલ્લાહ હૈ

સબકા આલિમ હૈ જો, સબકા હાકિમ હૈ જો,
મેરા અલ્લાહ હૈ મેરા અલ્લાહ હૈ

જિસને ભેજે નબી, જિસને ભેજે વલી,
મેરા અલલાહ હૈ મેરા અલ્લાહ હૈ

જિસકા કુર્આન હૈ, જિસપે ઈમાન હૈ,
મેરા અલ્લાહ હૈ મેરા અલ્લાહ હૈ

સવાલ

(૧) ઉપરોકત નઝમમાં અલ્લાહની સિફતો કેટલી બયાન કરવામાં આવેલ છે? અને કઈ કઈ

(૨) ઉપરોકત નઝમમાં કોના પર ઈમાન હોવાનુ વર્ણન કરવામા આવ્યું છે?

(૩) અલ્લાહે કોને મોકલ્યા છે?

(૪) ઉપરોકત નઝમમાં ખુદાએ શું શું બનાવ્યું અને ઉગાવ્યું છે?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 2

# ખુદા


| | |
|---|---|
| આ મદ્રેસો કોણે બનાવ્યો ? | મજૂરોએ |
| આ કિતાબ કોણે લખી ? | એક ભણેલા માણસે |
| આ પેન કોણે બનાવી ? | કારખાનાવાળાએ |
| શું કોઈ વસ્તુ તેના બનાવનાર વગર બની શકે છે ? | નહિ, પણ દરેક વસ્તુ માટે તેના બનાવનારની જરૂર રહે છે. |
| તો પછી આ દુનિયાનો બનાવનાર કોણ છે ? | અલ્લાહ |
| અલ્લાહ અને ખુદા કોણ છે ? | અલ્લાહ અને ખુદા બંને એક જ જાતનું નામ છે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 3

# તૌહીદ (અલ્લાહની એકતા)

| | |
|---|---|
| શું આખી દુનિયાનો પૈદા કરનાર એક છે ? | બેશક એક છે. |
| અલ્લાહ બે કેમ નથી ? | બે કામ કરનારાઓ એકબીજાના મોહતાજ હોય છે અને જે મોહતાજ હોય છે તે બંદો હોય છે, અલ્લાહ નથી હોતો. |
| જો બે અલ્લાહ હોત તો શું થાત ? | બંનેમાં ઝઘડો થાત અને આખી દુનિયાનો નાશ થઈ જાત. |
| શું અલ્લાહમાં કોઈ બુરાઈ હોઈ શકે છે ? | કદી નહીં. કારણ કે બુરાઈ કરનાર ભલાઈ શીખવી શકતો નથી. |



TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 4

# સિફાતે સબૂતિયહ

| | |
|---|---|
| અલ્લાહમાં કઈ કઈ સારી વાતો છે ? | તેના ગુણોને કોઈ ગણી શકતું નથી. |
| સિફાતે સબૂતિયહ એટલે શું ? | જે સિફાતો અલ્લાહમાં હોવી જરૂરી છે તેને સિફાતે સબૂતિયહ કહેવામાં આવે છે. |

**અલ્લાહમાં જે સિફાતો હોવી જોઈએ, તેમાંથી આઠ સિફાતો આ છે :**

૧. **કદીમ :** અલ્લાહ હંમેશાથી છે અને હંમેશા રહેશે.

૨. **કાદિર :** અલ્લાહ દરેક ચીઝ પર કુદરત રાખે છે.

૩. **આલિમ :** અલ્લાહ દરેક વાત જાણે છે.

૪. **હૈઈ :** અલ્લાહ એવી રીતે જીવંત છે કે કદી તેને મૌત નથી.

૫. **મુદરિક :** અલ્લાહ આંખ વિના જોઈ શકે છે તથા કાન વિના સાંભળી શકે છે.

૬. **મુરીદ :** અલ્લાહ જે ચાહે તે કરે છે અને જે નથી ચાહતો તે નથી કરતો.

૭. **મોતકલ્લિમ :** અલ્લાહ જેમાં ચાહે છે તેમાં કલામ પૈદા કરી શકે છે.

૮. **સાદિક :** અલ્લાહ સાચો છે.

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org


# પાઠ 5

# સિફાતે સલ્બીયહ

| | |
|---|---|
| અલ્લાહ કઈ કઈ બુરાઈઓથી પાક છે ? | અલ્લાહમાં કોઈ બુરાઈ જોવા મળતી નથી. તે દરેક બુરાઈથી પાક છે. |
| ૧. અલ્લાહ મુરક્કબ નથી | અલ્લાહ કોઈ ચીઝથી મળીને બન્યો નથી. તેમજ તેનાથી મળીને કોઈ ચીઝ બની નથી. |
| ૨. અલ્લાહને શરીર નથી | અલ્લાહંને શરીર કે અવયવ નથી. |
| ૩. અલ્લાહને મકાન નથી. | અલ્લાહને શરીર નથી તેથી અલ્લાહને મકાનની જરૂર નથી. |
| ૪. અલ્લાહ હુલૂલ નથી કરતો. | એટલે કે અલ્લાહ કોઈ ચીઝમાં સમાઈ શકતો નથી. |
| ૫. અલ્લાહ મરઈ નથી | એટલે કે અલ્લાહ જોવામાં નથી આવતો. |
| ૬. અલ્લાહ મહલ્લે હવાદિસ નથી | એટલે કે અલ્લાહમાં કશો ફેરફાર થતો નથી. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

| | |
|---|---|
| ૭. અલ્લાહનો કોઈ શરીક (ભાગીદાર) નથી. | અલ્લાહને કોઈ સગા-વ્હાલા કે ભાગીદાર નથી. |
| ૮. અલ્લાહની સિફાત ઝાએદ નથી. | એટલે કે અલ્લાહની જાત અને સિફાત એકજ છે. |



TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 6

## અદલ

| | |
|---|---|
| યઝીદ કેમ બદનામ છે ? | કારણ કે તે ઝાલિમ છે. |
| ઝાલિમ કોને કહે છે ? | નાહક કામ કરનાર (ઝુલ્મ કરનાર)ને ઝાલિમ કહેવામાં આવે છે. |
| ઝાલિમને લોકો ચાહે છે કે ધિક્કારે છે ? | ઝાલિમ માટે લોકોના દિલમાં ધિક્કાર હોય છે. |
| ઝાલિમ ન્યાય કરી શકે છે ? | નહીં. |
| ૧. શું અલ્લાહ ઝાલિમ છે ? | હરગિઝ નહીં. કારણ કે ઝુલ્મ બુરાઇ છે અને અલ્લાહમાં કોઇ બુરાઇ નથી. |
| ૨. અલ્લાહ ઝાલિમ કેમ નથી ? | અલ્લાહને કયામતના દિવસે ન્યાય કરવાનો છે. અને ઝાલિમ ન્યાય કરી શકતો નથી. |
| ૩. અલ્લાહ કેવો છે ? | અલ્લાહ આદિલ છે. **પોતે ન્યાય કરે છે અને બીજાને ન્યાય કરવાનું** કહે છે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 7

## અલ્લાહની ઓળખાણ

અલ્લાહ હમારા ખાલિક હૈ, અલ્લાહ હમારા રાઝિક હૈ.

સૂરજ ભી વહી ચમકાતા હૈ, તારે ભી વહી બિખરાતા હૈ.

પાની ભી વહી બરસાતા હૈ, પ્યાસો કો નહી તરસાતા હૈ.

દરિયા ભી ઉસીને બહાએ હૈં, ઉઁચે પરબતભી બનાએ હૈં.

કયા બાગ બનાએ હૈં ઉસને, કયા ફૂલ ખિલાએ હૈં ઉસને.

કપડા ભી વહી પહનાતા હૈ, ખાનાભી વહી ખિલવાતા હૈ.

આલુ પાલક શલજમ ગોબી, મૂલી ગાજર લૌકી ભિંડી.

વહ બૈગન નીલે નીલે સે, વહ કેલે પીલે પીલે સે.

કયા અચ્છે આમ રસીલે હૈં, કુછ હરે હરે કુછ પીલે હૈં.

જો કુછ હૈ ઉસીસે પાતે હૈં, વહ દેતા હૈ હમ ખાતે હૈં .

કુદરતકા કમાલ દિખાયા હૈ, કયા અચ્છા હમકો બનાયા હૈ.

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

દો પૈર દીયે દો હાથ દીયે,
દિલ ઔર દિમાગ સાથ દિયે.

કાનો સે સુનો મુઁહ સે બોલો,
દેખો ભાલો આઁખેં ખોલો.

ચેહરેપે ના હોતી નાક અગર,
આફત હી આ જાતી સર પર.

બદબુ ના સમજમેં કુછ આતી,
ઇન્સાન કી નાક હી કટ જાતી.

દિન ઉસ્ને બનાયા કામ કરેં,
પઢ લિખકર જગમેં નામ કરેં.

હૈ રાત થકાવટ ખોને કો,
આરામ કી ખાતિર સોનેકો.

આઓ આઓ કુછ કામ કરેં,
ઉઁચા દૂનિયામેં નામ કરેં.

## સવાલ

(૧)ઉપરોકત કવીતામા કઇ કઇ અલ્લાહની નેઅમતો છે. તેનું વર્ણન કરો.

(૨) આપણને આ બધી નેઅમતો કોણ આપે છે ? તે વાકય કવીતાના રૂપમાં લખો.

(૩) અલ્લાહે રાત દિવસ શા માટે બનાવ્યાં છે ?

(૪) મોઢા પર નાક ન હોવાથી શું નુકશાન થાય છે ?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 8

## ઈસ્લામ

| | |
|---|---|
| સૌથી સારો મઝહબ કયો છે ? | ઈસ્લામ |
| શું ઈસ્લામ ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ છે ? | હા. |
| ઈસ્લામ કેમ સારો છે ? | તેને અલ્લાહે બનાવ્યો છે. |
| ઈસ્લામને દુનિયામાં કોણ લાવ્યું ? | આપણા નબી હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) લાવેલ છે. |
| ઈસ્લામ ધર્મ આપણા નબીની પછી કઈ રીતે બાકી રહ્યો ? | નબીના પછી આપણા બાર ઈમામો થકી બાકી રહ્યો. |
| શું આજ પણ કોઈ ઈમામ છે ? | હા, બારમા ઈમામ (અ.) છે અને તે ગાએબ છે. |
| અલ્લાહ-રસૂલ અને ઈમામ આ બધાને માનવાવાળાને શું કહેવામાં આવે છે ? | મોમિન |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 9

## હમારે રહનુમાં

અલ્લાહને પૈદા કિયા, રોટી દી ઔર કપડા દિયા.
ભેજે હૈં લાખોં અંબિયા, જો ખલ્ક કે થે રહનુમાં.
હૈં આખરી પૈગામ્બર, મહબૂબે હક્ક ખેરુલબશર.
હર એક કે મુશકિલ કુશા, ખૈબર શિકન શેરે ખુદા.
બઅદ ઉનકે હૈં હઝરત હસન, સિબ્તે નબી ગુલ પૈરહન.
ઔર હૈં હુસૈને બા સફા, યઅની શહીદે કરબલા.
દોનોં કી હૈં જો વાલેદા, હૈ નામ ઉન્કા ફાતેમા.
દુનિયામે બઅદે પંજેતન, હૈં નૌ ઈમામાને ઝમન.
આખીરમે હૈં મહદીયેદી, ફરઝન્દે ખત્મુલ મુરસલી.
પરદે મે રહ કર આજ ભી, કરતે હૈં સબકી રહબરી.
હુકમે ખુદા જબ પાએંગે, પરદહ ઉઠા કર આએંગે.
બઢ જાએ ગા દીંકા હશમ, લ્હરાએગા હક્ક કા અલમ.

અબ હૈ યહી દિલકી દુઆ,
ઈમાન પર રખ્ખે ખુદા.

### સવાલ

(૧) હમારે રહનુમાં કવિતામા કયા કયા રહેનુમાંઓનો ઉલ્લેખ છે ?
(૨) પરદો ઉઠાવીને કોણ આવશે અને ત્યાર પછી શું થશે ?
(૩) પંજેતન પછી આપણા રહેનુમાં કોણ છે ?
(૪) હવે આપણી દુઆ શું હોવી જોઈએ ?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 10

## નબુવ્વત

| | |
|---|---|
| આપણે ક્યાંથી આવ્યા ? | અલ્લાહને ત્યાંથી. |
| આપણે ક્યાં જવું છે ? | અલ્લાહને ત્યાં. |
| આપણે કઈ રીતે જીવવું જોઈએ ? | અલ્લાહ ચાહે તેવી રીતે જીવવું જોઈએ. |
| અલ્લાહનો હુકમ કેવી રીતે જાણવા મળે ? | નબીની મારફત |
| નબીને કોણ બનાવે છે ? | અલ્લાહ |
| નબી કોણ છે ? | નબી અલ્લાહનો ખાસ બંદો છે કે જે દુનિયાને રસ્તો બતાવે છે અને અલ્લાહ સુધી પહોંચાડે છે. |
| નબી કેવો હોય છે ? | આપણે જાહિલ જન્મ્યા છીએ જ્યારે નબી આલિમ જન્મે છે. આપણાથી ભૂલચુક થાય છે પણ નબીઓથી ભૂલચુક થતી નથી. આપણામાં ખામીઓ હોય છે પણ નબીઓમાં કશી ખામીઓ હોતી નથી. નબીઓને આપણી જેમ રસ્તો બતાવનારની જરૂરત નથી હોતી. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 11

# પાંચ મોટા રસૂલ

| | |
|---|---|
| શું બધા નબીઓ સરખા છે ? | ના, નબીઓમાં નાના મોટા છે. |
| તેઓને શું કહેવામાં આવે છે ? | નબી, રસૂલ, ઉલૂલઅઝ્મ |
| નબી કોણ હોય છે ? | જેની પાસે અલ્લાહનું આપેલું ઈલ્મ હોય છે. અને પાક ઝિંદગી ગુઝારે છે. |
| રસૂલ કોણ હોય છે ? | જે બંદાઓની હિદાયત માટે અલ્લાહની તરફથી મોકલવામાં આવે છે. અને બંદાઓને અલ્લાહની તરફ લઈ જાય છે. |
| ઉલૂલઅઝ્મ રસૂલ કોણ હોય છે ? | જે રસૂલ અલ્લાહની તરફથી કિતાબ અને શરીઅત લઈને આવેલ છે. |
| ઉલૂલઅઝ્મ રસૂલોના નામ બતાવો. | હ. નૂહ (અ.)<br>હ. ઈબ્રાહીમ (અ.)<br>હ. મૂસા (અ.)<br>હ. ઈસા (અ.)<br>હ. મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

| | |
|---|---|
| રસૂલ કેટલા છે ? | ત્રણસો તેર |
| નબી કેટલા છે ? | એક લાખ ચોવીસ હજાર |
| સર્વેથી મોટા પૈગમ્બર કોણ છે ? | આપણા રસૂલ હ. મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 12

# આસમાની કિતાબો

| | |
|---|---|
| પૈગમ્બરો જે કિતાબો લાવ્યા છે તે કઈ કઈ છે ? | તૌરેત, ઝબૂર, ઈન્જીલ અને કુરઆને મજીદ |
| તૌરેત કોણ લાવ્યું ? | હ. મૂસા (અ.) |
| ઈન્જીલ કોણ લાવ્યું ? | હ. ઈસા (અ.) |
| ઝબૂર કોણ લાવ્યું ? | હ. દાઉદ (અ.) |
| કુરઆન કોણ લાવ્યું ? | હ.મોહમ્મદ મુસ્તફા (સ.વ.) |
| કુરઆને મજીદને માનવા વાળાને શું કહેવામાં આવે છે ? | મુસલમાન |
| બાકીની કિતાબોને માનવા વાળાને શું કહેવામાં આવે છે ? | એહલે કિતાબ |
| એ કિતાબોનું શું થયું ? | તેનો સમય પૂરો થઇ ગયો છે અને તેના માનવાવાળાઓએ મિટાવી દીધેલ છે. |
| કુરઆન કેમ બાકી રહ્યું ? | આ છેલ્લી કિતાબ છે અને તે કયામત સુધી બાકી રહેશે અને તેને અલ્લાહે બાકી રાખેલ છે અને અહલેબૈત અ.એ બચાવેલ છે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org


# પાઠ 13

## ઈમામત

| | |
|---|---|
| છેલ્લા રસૂલની પછી ઉમ્મતને રસ્તો બતાવનાર કોણ છે ? | ઈમામ |
| ઈમામ કેટલા છે ? | બાર. |
| તેઓને ઈમામ કોણે બનાવ્યા ? | અલ્લાહે. |
| આપણને કેમ જાણવા મળ્યું ? | હ. મોહમ્મદ (સ.અ.વ.)એ બતાવ્યું છે. |
| રસુલની પછી ઈમામોને કેવી રીતે ઓળખ્યા ? | મોઅજીઝા વડે. |
| મોઅજીઝો શું છે ? | એ કામ કે જે નબી અથવા ઈમામ કરી શકે છે અને બીજો કોઈ કરી શકતો નથી, દા.ત. રસૂલ (સ.અ.વ.)એ ચંદ્રના બે ટુકડા કર્યા અને હ. અલી (અ.)એ સૂરજને પાછો ફેરવ્યો. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

| | |
|---|---|
| કોઈ માણસ ઈમામને છોડી દે તો ? | તેનું મૌત કુફ્રનું મૌત છે. અને તેનું ઠેકાણું જહન્નમ છે. |
| શું ઈમામનું હોવુ જરૂરી છે ? | બેશક, ઈમામ દીનના જવાબદાર છે. ઈમામથી દુનિયા બાકી છે. ઈમામની મારફત ખુદાને ઓળખી શકાય છે. |



TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org


# પાઠ 14

## પંજેતને પાક

| | |
|---|---|
| પંજેતન કોણ છે ? | હ. રસુલે ખુદા (સ.અ.વ.)<br>હ. અલીએ મુર્તઝા (અ.)<br>હ. ફાતેમા ઝહરા (સ.અ.)<br>હ. હસને મુજતબા (અ.)<br>હ. ઈમામ હુસૈન (અ.) |
| આ લોકોને પંજેતને પાક કેમ કહેવામાં આવે છે ? | જ્યારે આ પાંચેય પવિત્ર હસ્તીઓ ચાદર નીચે ભેગા થયા ત્યારે આયતે તત્હીર નાઝિલ થઈ હતી. |
| તે ચાદર કોની હતી ? | તે જનાબે ફાતેમાઝહેરા (સ.અ.) ની ચાદર હતી. જેની નીચે પંજેતને પાક ભેગા થયા હતા. |
| આયતે તત્હીર શું છે ? | કુરઆને મજીદની એક આયત છે જેમાં અહલેબૈતના પાક હોવાની જાહેરાત છે. |
| આ બનાવ કેવી રીતે જાણવા મળ્યો ? | "હદીસે કિસાઅ' મારફત જે બરાબર પઢાય છે અને જેની બરકતથી દોઆઓ કુબૂલ થાય છે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

| | |
|---|---|
| શું પંજેતને પાકની બરકતથી દોઆ કુબૂલ થાય છે ? | બેશક તેઓના વસીલાથી નબીયોની દોઆ કુબૂલ થઈ હતી અને પંજેતનને નબીયોએ વસીલા બનાવ્યા હતા. |



TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 15

# બાર ઈમામ

| | |
|---|---|
| ૧. હઝરત અલી | અલયહિસ્સલામ |
| ૨. હઝરત હસન | ઈબ્ને અલી અલયહિસ્સલામ |
| ૩. હઝરત હુસૈન | ઈબ્ને અલી અલયહિસ્સલામ |
| ૪. હઝરત અલી | ઈબ્ને હુસૈન અલયહિસ્સલામ |
| ૫. હઝરત મોહમ્મદ | ઈબ્ને અલી અલયહિસ્સલામ |
| ૬. હઝરત જાફર | ઈબ્ને મોહમ્મદ અલયહિસ્સલામ |
| ૭. હઝરત મૂસા | ઈબ્ને જાફર અલયહિસ્સલામ |
| ૮. હઝરત અલી | ઈબ્ને મૂસા અલયહિસ્સલામ |
| ૯. હઝરત મોહમ્મદ | ઈબ્ને અલી અલયહિસ્સલામ |
| ૧૦. હઝરત અલી | ઈબ્ને મોહમ્મદ અલયહિસ્સલામ |
| ૧૧. હઝરત હસન | ઈબ્ને અલી અલયહિસ્સલામ |
| ૧૨. હઝરત હુજ્જત | ઈબ્ને હસન અલયહિસ્સલામ |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 16

# ચૌદ મઅસૂમ

| | |
|---|---|
| ચૌદ મઅસૂમ કોણ કોણ છે ? | હ. મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.), હ. ફાતેમા ઝહરા (સ.અ.) અને બાર ઈમામ (અ.) |
| મઅસૂમ કોને કહેવામાં આવે છે ? | જેનાથી કોઈ જાતની ભૂલચૂક થતી નથી અને પહેલેથી છેલ્લે સુધી તેમની ઝિંદગીમાં પવિત્ર હોય છે. |
| આ પવિત્ર હસ્તીઓ મઅસૂમ કેમ છે ? | તેમને અલ્લાહે હિદાયત માટે મોકલ્યા છે, જો તેઓ ભૂલી જાય કે આડા અવળા રસ્તે ચાલ્યા જાય તો આખો ધર્મ બરબાદ થઈ જશે. |
| ચૌદ મઅસૂમ અ.સ.નો સંબંધ કેવી રીતે છે ? | હ. રસૂલે ખુદા (સ.અ.વ.), હ. ફાતેમા (સ.અ.)ના પિતાજી છે અને હ. ફાતેમા (સ.અ.) મૌલા અલી અ.સ.ની પત્ની છે, હ. અલી હ. ઈમામે હસન તથા હ.ઈ. હુસૈન અ.સ.ના પિતાજી છે અને બાકીના દરેક ઈમામ આગલા ઈમામના દીકરા છે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 17

## કયામત

| | |
|---|---|
| કયામત શું છે ? | કયામત એવો દિવસ છે કે તે દિવસે સઘળા લોકોના કાર્યનો હિસાબ કરવામાં આવશે. સારા કામો કરનારને જન્નત અને ખરાબ કામો કરનારને દોઝખ મળશે. |
| કયામત કયારે આવશે ? | આખી દુનિયાનો નાશ થયા પછી. |
| જ્યારે દુનિયાનો નાશ થશે ત્યારે શું થશે ? | (ત્યારે) અલ્લાહ બધાને પાછાં જીવતા કરશે અને બધાનો હિસાબ લેશે. |
| હિસાબ શું છે ? | નેકી અને બદી (સારા અને ખરાબ કામો)ની તપાસ કર્યા પછી સવાબ અને અઝાબ દેવા. |
| અઝાબ અને સવાબનો અર્થ શું ? | કયામતની સઝાને અઝાબ અને કયામતના ઈન્આમને સવાબ કહેવામાં આવે છે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 18

## નમાઝ

| | |
|---|---|
| નમાઝ શું છે ? | અલ્લાહની બંદગી અને મુસલમાનોની ઓળખાણ. |
| નમાઝના ફાયદા શુ છે ? | નમાઝીના ઘરમાં બરકત થાય છે, તેનાથી ખુદા અને રસૂલ ખુશ થાય છે અને તે જન્નતનો હકદાર થાય છે. |
| નમાઝ ન પઢનાર માણસ કેવો હોય છે ? | તેનાથી અલ્લાહ અને તેના રસુલ નારાઝ રહે છે અને તે સાચો મુસલમાન હોતો નથી. |
| નમાઝ કોના માટે છે ? | નમાઝ બધા માટે છે. બધાએ પઢવી જોઈએ. પંદર વરસનો છોકરો અને નવ વરસની છોકરી ઉપર નમાઝ વાજીબ છે. |
| દરરોજ કેટલી નમાઝ પઢવી જોઈએ ? | પાંચ વખતની. સુબ્હ, ઝોહર, અસ્ર, મગરિબ, ઈશા |
| તે કેટલી કેટલી પઢવાની હોય છે ? | સુબ્હની બે રકઅત, ઝોહરની ચાર રકઅત, અસ્રની ચાર રકઅત, મગરિબની ત્રણ રકઅત, ઈશાની ચાર રકઅત. કુલ સત્તાર રકઅત. |


TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 19
# રોઝા

| | |
|---|---|
| રોઝા શું છે ? | સુબ્હ સાદિકથી મગરિબ સુધી અલ્લાહના હુકમ પ્રમાણે ખાવું, પીવું વગેરે છોડી દેવું. |
| રોઝા ક્યારે વાજીબ થાય છે ? | માહે રમઝાનમાં. |
| શું દરેક મુસલમાને રોઝા રાખવા જોઈએ ? | હા, પણ કોઈ બીમાર હોય અથવા સફરમાં હોય તો તેના માટે રોઝા વાજીબ નથી. |
| રોઝાના ફાયદા શું છે ? | અલ્લાહ રાઝી થાય છે. સવાબ મળે છે. તંદુરસ્તી નસીબ થાય છે અને હિંમત વધે છે. |
| રોઝા ન રાખનારને શું થાય છે ? | દુનિયામાં એક એક રોઝાના બદલામાં સાંઈઠ, સાંઈઠ રોઝા રાખવા પડશે અને રોઝા ન રાખે તો, મર્યા બાદ જહન્નમમાં જશે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

| | |
|---|---|
| શું બધાને એટલા જ રોઝા રાખવા પડશે ? | નહિ. અગર કોઈ બીમાર અથવા મુસાફિર હોય અને રોઝા ન રાખેલ હોય તો તેણે ઈદની પછી એકના બદલે એક જ રોઝો રાખવો પડશે. |
| ઈદ શું છે ? | રમઝાન મહિનો પૂરો થયા પછીનો પહેલો દિવસ. |
| ઈદના દિવસે શું કરવું જોઈએ ? | ફિત્રો આપવો જોઈએ અને બે રકઅત નમાઝ પઢવી જોઈએ. |



TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org


# પાઠ 20

## હજ

| | |
|---|---|
| લોકો હાજી કેવી રીતે બને છે ? | હજ કરવાથી |
| હજ શું છે ? | અલ્લાહના ઘરની પાસે એક ખાસ ઈબાદત થાય છે, જેનું નામ હજ છે. |
| અલ્લાહનું ઘર ક્યાં છે ? | મક્કામાં. |
| હજની ઈબાદત ક્યારે થાય છે ? | ઝિલ્હજ માસની તા. ૯, ૧૦, ૧૧ અને ૧૨ના દિવસે. |
| લોકો હજ પઢવા શા માટે જાય છે ? | અલ્લાહનો હુકમ છે. તેના ઘરની ઝિયારત છે. બેહદ સવાબ મળે છે અને દુનિયામાં ઈઝ્ઝત મળે છે. |
| અલ્લાહના ઘરનું નામ શું છે ? | કઅબા. |
| કઅબામાં કોનો જન્મ થયો હતો ? | આપણા પહેલા ઈમામ હ.અલી (અ.સ.)નો |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

| | |
|---|---|
| હજ કોના પર વાજીબ થાય છે ? | જેની પાસે મક્કા સુધી જવા આવવાનો ખર્ચ હોય અને કોઈ જાતની બીમારી વગેરે પણ ન હોય તેની પર હજ વાજીબ છે. |
| શું દર વરસે હજ વાજીબ છે ? | ના, જીવનમાં એક જ વાર વાજીબ છે, ત્યારબાદ સુન્નત છે. |



TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org


# પાઠ 21

## ઝકાત

| | |
|---|---|
| ઝકાત શું વસ્તુ છે ? | જવ, ઘઉં વગેરેમાંથી ગરીબોને અપાતા હિસ્સાને ઝકાત કહેવામાં આવે છે. |
| ઝકાત કઈ કઈ વસ્તુઓ પર વાજીબ છે ? | ઝકાત દસ વસ્તુઓ પર વાજીબ છે. જવ, ઘઉં, ઊંટ, ગાય, ઘેટા-બકરા, સોનુ, ચાંદી, દ્રાક્ષ, ખજૂર અને વેપારનો માલ. |
| શું ઝકાત દરેક ઉપર વાજીબ છે ? | જેની પાસે ખેતીવાડી છે અને સારી નીપજ મળે છે તેને ઝકાત કાઢવી પડશે. |
| ઝકાતના ફાયદા શું છે ? | ગરીબોનું પેટ ભરાય છે અને માલમાં વધારો અને બરકત થાય છે. |
| ગરીબોને ઈદના દિવસે પૈસા અને અનાજ શા માટે આપવામાં આવે છે ? | એ ફીત્રો છે. તેને પણ ઝકાત કહેવામાં આવે છે. તેના વડે ગરીબ લોકો ઈદ મનાવી શકે છે. ફિત્રો કાઢવો વાજીબ છે. |
| અનાજની કેટલી નીપજ ઉપર ઝકાત વાજીબ થાય છે ? | ૮૪૭ કિલો કે તેનાથી વધારે ઉપજ થઈ હોય તો તેના પર. |
| રૂપિયાની નોટ પર ઝકાત વાજીબ છે ? | ના. નોટ પર ઝકાત નથી પણ ખુમ્સ વાજીબ થાય છે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

| | |
|---|---|
| જો કોઈ માણસ ખુમ્સ ન આપે તો ? | તેને ઈમામના હક્કને છીનવી લેનાર કહેવામાં આવશે અને તે ઈમામનો ખરો દોસ્ત હોઈ શકે નહીં. |
| જે ખુમ્સની વાત ન જાણતો હોય તે શું કરે ? | જ્યારે જાણી લે ત્યારે મુજતહીદને પૂછીને કાઢી લ્યે, જેથી ખુદા માફ કરે. |



TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 23

# જેહાદ

## (અલ્લાહની રાહમાં જંગ કરવી)

| | |
|---|---|
| જેહાદ કોને કહેવામાં આવે છે ? | રસૂલ અથવા ઈમામના હુકમથી જે લડાઈ થાય છે તેને જેહાદ કહેવામાં આવે છે. |
| શું ધર્મને બચાવવા માટે જેહાદ જરૂરી છે ? | જો દીનના દુશ્મનો લડાઈ માટે તૈયાર થઈ જાય તો લડાઈ જરૂરી થઈ જશે. |
| જેહાદમાં રસુલ અને ઈમામની રજાની શી જરૂરત છે ? | રસૂલ અને ઈમામથી ભૂલચુક થતી નથી. તેમની હાજરીમાં નિર્દોષ લોહી વહાવવામાં આવશે નહિ. |
| જેહાદમાં મરી જનારનું શું થશે ? | તે શહીદ થશે અને અલ્લાહને ત્યાં જીવતો રહેશે, તેને રોઝી મળશે અને અગણિત સવાબનો હકદાર બનશે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 24

## અમ્ર બિલ મઅરૂફ

| | |
|---|---|
| અમ્ર બિલ મઅરૂફનો અર્થ શું ? | સારા કામ ન કરવાવાળાને સારા કામ માટે તૈયાર કરવા અને ભલાઈના રસ્તાથી અલગ રહેવાવાળાને રસ્તા પર લાવવા તેને અમ્ર બિલ મઅરૂફ કહેવાય છે. |
| શું અમ્ર બિલ મઅરૂફ જરૂરી છે ? | બેશક જરૂરી છે. |
| અમ્ર બિલ મઅરૂફ કેમ જરૂરી છે ? | જેવી રીતે આંધળાને રસ્તો ન બતાવવો, અંધારામાં અજવાળું ન કરવું જુર્મ છે તેવી જ રીતે નેકીનો હુકમ ન દેવો અને દુનિયાને સારા રસ્તા પર ન લાવવું પણ એક ગુનાહ છે. |
| જે લોકો ફક્ત પોતાના સવાબની ચિંતા કરે છે અને બીજાને સીધા રસ્તા પર નથી લાવતા તે કેવા કહેવાય છે ? | આવા લોકો સ્વાર્થી કહેવાય છે અને સ્વાર્થ ખૂબજ ખરાબ આદત છે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 25

## નહી અનિલ મુન્કર

| | |
|---|---|
| કોઈ આદમી ખાડામાં પડતો હોય અથવા દરિયામાં ડુબી રહ્યો હોય તો શું કરવું જોઈએ ? | ખાડામાં પડવાવાળાને બતાવવું જોઈએ કે અહીંયા ખાડો છે. દરિયામાં ડુબવાવાળાને બહાર કાઢવાની કોશીષ કરવી જોઈએ. |
| જે લોકો કોઈને ખાડામાં પડવાવાળાને અને દરિયામાં ડુબવાથી ન બચાવે તે કેવા લોકો છે ? | આવા લોકો ખુબજ ખરાબ છે અને જોણે જોણે આ વાત જાણી તેઓ તેને ખરાબ કહેશે. |
| ખાડામાં પડવું અને દરિયામાં ડુબવું વધુ ખરાબ છે કે બુરાઈમાં ફસાવું ? | બુરાઈમાં ફસાવું |
| બુરાઈમાં ફસાવું ખાડામાં પડવાથી અને દરિયામાં ડુબવાથી ખરાબ કેમ છે ? | પડવાવાળા અને ડુબવાવાળાથી દુનિયા ખરાબ થાય છે. અને બુરાઈઓમાં ફસાવાવાળાની દુનિયા પણ ખરાબ થાય છે અને આખેરત પણ ખરાબ થાય છે. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

| | |
|---|---|
| જે લોકો પોતાના બાળકો, ઘરવાળાઓ અને ધર્મવાળાઓને બુરાઈઓથી ન રોકે તે કેવા હોય છે ? | આવા લોકો તે લોકોથી પણ ખરાબ છે જે કોઈને ખાડામાં પડવા દે અથવા દરિયામાં ડુબવા દે છે. |
| બીજાને બુરાઈથી રોકવું તેને શું કહેવાય છે ? | નહી અનિલ મુન્કર |



TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 26

## તવલ્લા–તબર્રા

| | |
|---|---|
| તવલ્લા શું છે ? | અહલેબૈત (અ.મુ.સ.)થી મોહબ્બત કરવી. |
| તબર્રા શું છે ? | અહલેબૈત (અ.મુ.સ.)ના દુશ્મનોથી નફરત કરવી. |
| ઈસ્લામમાં સારા માણસો કોણ છે ? | જે હંમેશા અલ્લાહની બંદગી કરે છે. |
| ખરાબ માણસો કોણ છે ? | જે હંમેશા ભલા માણસોથી દુશ્મની રાખે છે. |
| સર્વથી સારા માણસો કોણ છે ? | રસૂલે ખુદા (સ.અ.વ.) અને તેમના અહલેબૈત અ.સ. જેમાં કોઈ જાતની બુરાઈ જોવા નથી મળતી. |
| સર્વથી ખરાબ લોકો કોણ છે ? | રસૂલે ખુદા અને અહલેબૈતના દુશ્મન અને તે હસ્તીઓથી દૂર રહેવાવાળા. |
| તવલ્લા અને તબર્રાનો ફાયદો શું છે ? | નેક લોકોની મોહબ્બતથી જીવન સારૂં બને છે. અને ખરાબ લોકોની અવગણનાથી, બુરાઈ તરફ ધિક્કાર ઉત્પન્ન થાય છે. |
| તવલ્લા અને તબર્રાની રીત શું છે ? | અલ્લાહ વાળાઓની જેવા કાર્યો કરવા અને દુશ્મનોના કાર્યોથી દૂર રહેવું. |

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 27

# ઈદ

બચ્ચાંઓ! હવે ઈદ આવી ગઈ. અને રોઝા પુરા થઈ ગયા. .તમે માહે રમઝાનમા કેટલા રોઝા રાખ્યા હતા ? આજના ઝમાનામા માં બાપ નાના બચ્ચાઓને રોઝા રાખવાની મનાઈ કરે છે.અને એમ વિચારે છે,કે તેઓ બચ્ચાઓથી મોહબ્બત કરે છે.પરંતુ સાચી વાતતો એ છે કે,તેઓ બચ્ચાઓથી મોહબ્બતનથી કરતા, બલ્કે તેઓને બચ્ચાઓ સાથે દુશ્મની છે.રોઝામા ભુખ અને પ્યાસ બહુજ લાગે છે.તેની સામે સવાબ પણ બેહદ મળે છે. અને સવાબ ઝેહમત વગર નથી મળતો.તમે જાણો છો કે,કરબલામા બચ્ચાઓ ત્રણ દિવસ ભુખ્યા અને પ્યાસા રહયા હતા. તો શું તમે દિવસ ભર ભુખ્યા અને તરસ્યા ન રહી શકો ?

રોઝા ન રાખનાર ગુનેહગાર થાય છે. અને રોઝા ન રાખનાર જહન્નમમાં જશે તેની પર ખુબજ અઝાબ થશે.ઈદના દિવસે અલ્લાહને યાદ કરવો જોઈએ.નમાઝ પઢવી જોઈયે પાક-સાફ કપડા પહેરવા જોઈએ. આપસમા એક બીજાને ગળે મળવું જોઈએ. અને ફીત્રો આપવો જોઈએ.

## સવાલ

(૧) રોઝા કયારે વાજીબ થાય છે ? અને ત્યાર બાદ શું આવે છે ?
(૨) આજના ઝમાનામાં માં બાપ શું કરે છે ?
(૩) રોઝા રાખવાથી શું ફાયદો થાય છે ?
(૪) રોઝા ન રાખવાથી શું નુકશાન થાય છે ?
(૫) ઈદના દિવસે શું કરવુ જોઈએ ?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 28

# મૉ બાપ

માં-બાપ અલ્લાહ્ની રહેમત છે.તેઓની રોક ટોક આપણા માટે નેઅમત છે.તેમની કડવી નસીહ્તોમાં મિઠાશ સમાએલી છે. જેણે માં- બાપની વાત માની તેના પર અમલ કર્યો, તેણે દુનિયામા ઈઝ્ઝત મેળવી અને મરવા પછી તે જન્નતનો હ્ક્કદાર બન્યો.માં-બાપની ઈતાઅત દુનિયા અને આખેરતની દોલત છે.આપણી નાનકડી એવી અક્કલ સારા અને ખરાબને નથી ઓળખી શકતી.માટે માં-બાપની વાતો પર અમલ કરવો જોઈએ.તેમાંજ આપણી ભલાઈ છે.જે માં-બાપ અને વડીલોનુ કહેવુ નથી માનતો,તે ઝીંદગીભર ઠોકરો ખાય છે. અને મરવા પછી પણ તેને આરામ નથી મળતો.

## સવાલ

(૧) માં-બાપની વાત માનવાથી આપણને શું ફાયદો થાય છે?

(૨) શા માટે આપણે માં-બાપની વાત માનવી જરૂરી છે?

(3) જે માં-બાપનુ કહેવુ નથી માનતો, તેને શું નુકશાન થાય છે?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 29

## માઁ ની મમતા

નેઅમતે બારી હૈં અમ્મા અપની,
કિતની પ્યારી હૈં અમ્મા અપની.
રાતકો જાગા કરતી હૈં વહ,
મેરી ખાતિર મરતી હૈં વહ.
પહલે મુજકો ખિલાતી હૈં વહ,
બઅદમે સબકે ખાતી હૈં વહ.
કલ મુજસે કહતી થી યે અમ્માં,
તુમ પે માલીક કા હૈ યે એહસાં
ઉસને તુમકો પૈદા કિયા હૈ,
ઉસને તુમકો રિઝક દિયા હૈ.
મુજકો તેરી ઉલફત દી હૈ
તુમકો મેરી મુહબ્બત દી હૈ.
મકતબ મે તુમ જાકર પઢના,
પઢ કર સબસે આગે બઢના.
પઢને સે હૈ સબકી ઇઝ્ઝત,
પઢને સે હૈ સબકી વકઅત.
અવ્વલ દરજે મે આઓગે તુમ,
સબમે ઇઝ્ઝત પાઓગે તુમ.
મેરે દિલકો ચૈન મિલે ગા,
ઘરકો ઝેબો ઝૈન મિલે ગા.

## સવાલ

(૧) ઉપરોકત કવીતામાં માં પોતાના બચ્ચા માટે શું શું કરે છે?

(૨) ઉપરોકત કવીતામાં અલ્લાહે શું આપ્યું છે?

(૩) ઉપરોકત કવીતામાં માની શું તમન્ના છે?

(૪) ભણવાથી શુ ફાયદો થાય છે?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 30

# નેક બચ્ચાઓ

નેક બચ્ચાઓ હંમેશા સાચું બોલે છે. ખોટું કોઈ દિવસ નથી બોલતા. ચોરી નથી કરતા. કોઈ નીવસ્તુ નથી ઉઠાવતા. કોઈના જમવામાં નઝર નથી નાખતા. માં બાપ અને વડીલોની વાત માને છે. દોસ્તો સાથે હળી મળીને રહે છે. સારા કામ કરે છે. બુરા કામોથી દુર રહે છે. સવારે વહેલા ઉઠી નમાઝ પઢે છે. પછી કુર્આન પઢે છે. ત્યાર પછી નબી અને ઈમામોના નામ લ્યે છે. માં-બાપને સલામ કરે છે. હંમેશા નમાઝપઢે છે. પાક સાફ કપડા પહેરી ટાઈમ સર મદ્રેસે જાય છે. મદ્રેસામાં લડાઈ જઘડો નથી કરતા, અને ધ્યાન રાખી સબક યાદ કરે છે. રજા પડે એટલે સીધા ઘરે જાય છે.

## સવાલ

(૧) નેક બચ્ચાઓની પાંચ સારી આદતો લખો.

(૨) નેક બચ્ચાઓ સવાર વહેલા ઉઠીને શું કરે છે?

(3) નેક બચ્ચાઓ મદ્રેસે જવા બાબતે કેટલી બાબતોનો ખ્યાલ રાખે છે?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 31

# બુરા બચ્ચાઓ

જે બચ્ચાઓ ખોટું બોલે છે, માં-બાપની વાત નથી માનતા, વડીલોની ઈઝ્ઝત નથી કરતા,સવારે મોડા ઉઠે છે,ખુદા નબી અને ઈમામોનું નામ નથી લેતા,નમાઝ નથી પઢતા,વડીલોને સલામ નથી કરતા,ગોબરા રહે છે, અને તેના કારણે બીમાર પડે છે. લડાઇ જઘડો કરે છે, ગાળો બકે છે, મદ્રેસામાં ગૈર હાજર રહે છે.ભણવામાં આળસ કરે છે.સબક યાદ નથી કરતા.બુરા બચ્ચાઓને દોસ્ત બનાવે છે.પોતાનો સમય રમત-ગમત અને નકામા કામોમાં બગાડે છે.નેક બનવા કોશીશ નથી કરતા.તેવા બચ્ચાઓને બધા બુરા બચ્ચાઓ કહે છે.અને બુરા બચ્ચાઓથી બધા નફરત કરે છે.તેનાથી કોઈ પ્યાર નથી કરતું.

## સવાલ

(૧) બુરા બચ્ચાઓની પાંચ ખરાબ આદતો લખો.

(૨) બુરા બચ્ચાઓ સવારે કયારે ઉઠે છે અને શું નથી કરતા?

(3) બુરા બચ્ચાઓ મદ્રેસા બાબતે કેટલા બે દરકાર હોય છે?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 32

# કંજુસ

એક માણસ મોટો કંજુસ હતો. લોકો તેને મખ્ખીચુસ કહેતા હતા. કોઈ દિવસ તે પૈસા વાપરતો નહી. અને ભૂખથી કારણ વગર મરતો. તેના ઘરમા એક બાટલી હતી. જેમા તેણે થોડુક ઘી રાખેલ હતું. જયારે તે દાળ ખાવા બેસતો, ત્યારે ઘીની બાટલી સામે રાખતો. ઘીની બાટલી સુંઘી ખુશ થતો. પણ કદીતે પૈસા ખર્ચ કરતો નહીં. આ રીતે જયારે તે પૈસાદાર થયો, ત્યારે એક મુસીબત આવી બિમાર થયો. અને મરવા લાગ્યો. તેમ છતાં કંજુસી કરતો રહ્યો. ન ઈલાજ કરાવ્યો. ન દવા કરી. મરતા મરતા પણ કંજુસી કરી. તેને મોત આવી ગઈ. અને બધી દોલત દુનિયામાં રહી ગઈ. તે કંજુસ મરી ગયો. અને સાથે એક પૈસો પણ ગયો નહી. પૈસો બીજાને કામ આવે છે. અને કંજુસ માર ખાય છે.

## સવાલ

(૧) કંજુસ માણસની શું આદતો હતી?

(૨) કંજુસ માણસે પોતાની દોલતનુ શું કર્યુ?

(૩) કંજુસ માણસને લોકો શું કહેતા હતા?

(૪) કંજુસ માણસ કેવી રીતે મર્યો?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 33

## સારા અને ખરાબની ઓળખ

એક કુતરો રસ્તા વચ્ચે સુતું રહેતું હતું. એક દિવસ આબિદ અને કાઝિમ ત્યાંથી પસાર થયા. તેબન્નેએ કુતરાને પુછયુઃ કુતરા!તું અંહ રસ્તામાં કેમ બેઠો રહે છે? કુતરાએ કહ્યુંઃ કે,હું અહીયા બેસી સારા અને ખરાબની ઓળખ કરૂ છું.

આબિદે પુછયુંઃ કઇ રીતે તુ સારા અને ખરાબને ઓળખી શકે છે? એટલી વારમા સફદર આવ્યો અને કુતરાથી બચીને નીકળી ગયો. અને ખાલિદે આવી કુતરાને લાકડી મારી. કુતરાએ કહ્યુઃ જુઓ ભલો છોકરો મારાથી બચીને નીકળી ગયો. અને બુરા છોકરાએ મને કારણ વગર લાકડી મારી.

આબિદે કહ્યુઃ તેમ છતાં રસ્તા વચ્ચે બેસવું ખરાબ આદત છે. કુતરો તે સાંભળીને કીનારા પર ચાલ્યો ગયો.

બચ્ચાઓ! તમે પણ સારી આદતો પાડો અને બુરી આદતોથી બચો. અને કોઈ દીવસ કોઈને પરેશાન ન કરો.

### સવાલ

(૧) કુતરો કયાં બેઠો હતો? અને ત્યાં બેસી શું કરતો હતો?

(૨) કુતરા સાથે સફદરે અને ખાલિદે કેવો વર્તાવ કર્યો?

(3) આબિદે કુતરાને શું કહ્યુ?

(૪) આ પાઠ પરથી શું શીખ મળે છે?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 34

## મારો ઓરડો (રૂમ)

આ મારો રૂમ છે, હું આ રૂમમાં લેસન કરૂ છું.અને મારા પુસ્તકોને પણ આ રૂમમાં રાખું છું.અને મારા ભણવાની દરેક વસ્તુ આ રૂમમાં હોય છે. તેમજ મારા કપડા પણ આ રૂમમાં રાખું છું. હું મારી દરેક વસ્તુને ખુબજ સાચવીને રાખું છું.જુઓ! આ મારૂ નાનકડું ટેબલ છે.જે ઓરડાની એક તરફ રાખેલ છે.અને તેના પર સાફ કપડાનું કવર ઢાંકેલ છે. હું મારા પુસ્તકો અને બુકોને ખુબજ સાચવીને રાખું છું. એટલે જ હંમેશા મારી બુકો નવી લાગે છે. હું મારા કપડાનો પણ ખુબજ ખ્યાલ રાખું છું. સ્કુલેથી આવતાજ તે કપડા બદલી નાખું છું.અંહીયા જુઓ મારા કપડા સરખી રીતે લટકાવેલ છે અને પલંગ નીચે મારા બુટ રાખેલા છે.

મારો નાનો ભાઈ જયારે મારા રૂમમાં આવી જાય છે, ત્યારે મારી દરેક ચીઝને ખરાબ કરી નાખે છે. માટે હું મારા નાના ભાઈને મારા રૂમમાં આવવા દેતો નથી. મારા રૂમને જોઈ બધા લોકો બહુજ ખુશ થાય છે. અને મારા વખાણ કરે છે.

ગઈ કાલે પપ્પાના દોસ્તો મારા ઘરે આવ્યા હતા.પપ્પાએ તેઓને કહ્યું ચાલો! હું તમને મારા દિકરાનો રૂમ દેખાડું. તેઓ મારો સુંદર મજાનો રૂમ જોઈને ખુબજ ખુશ થયા. અને મને તેડીને ખુબજ પ્યાર કર્યો. દોસ્ત હાશિમ! તું પણ તારા રૂમને સાફ સુથરો રાખ! બધા તારા પણ વખાણ કરશે.

### <u>સવાલ</u>

(૧) હાશિમનો દોસ્ત પોતાના રૂમમાં કઈ કઈ વસ્તુ રાખે છે?

(૨) હાશિમનો દોસ્ત રૂમ ખરાબ ન થઈ જાય તે માટે કઈ વસ્તુનો ખ્યાલ રાખે છે?

(3) હાશિમનો દોસ્ત પોતાના કપડા,બુટ અને ટેબલને કેવી રીતે રાખે છે?

(૪) હાશિમના દોસ્તના વખાણ કોણે કર્યા અને શા માટે?

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 35

# મહીનાઓના નામ

## અરબી મહીનાઓના નામ

મોહર્રમ, સફર, રબીઉલ અવ્વલ, રબીઉલ આખર, જમાદીઉલ અવ્વલ, જમાદીઉલ આખર, રજબ, શાબાન, રમઝાનુલ મુબારક, શવ્વાલ, ઝીલકઅદહ, ઝિલહિજ્જહ

## અંગ્રેજી મહીનાઓના નામ

જાન્યુવારી, ફેબ્રુઆરી, માર્ચ, એપ્રીલ, મે, જુન, જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બર, ઓકટોમ્બર, નવેમ્બર, ડિસેમ્બર

## ગુજરાતી મહીનાઓના નામ

કારતક, માગશર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો

### સવાલ

(૧) અરબી મહીના કેટલા હોય છે ? તેઓના નામ જણાવો.

(૨) અંગ્રજી મહીનાઓના નામ જણાવો.

(૩) ગુજરાતી મહીનાઓના નામ જણાવો.

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 36

# આપણે શું શું કરવું જોઈએ ?

૧. અલ્લાહની ઈબાદત કરવી જોઈએ.

૨. રસૂલ અને ઈમામની તાબેદારી કરવી જોઈએ.

૩. મા-બાપની સેવા કરવી જોઈએ.

૪. વડીલોનું માન રાખવું જોઈએ.

૫. શિક્ષકને ઈઝ્ઝત આપવી જોઈએ.


૬. પોતાના પાઠ યાદ કરવા જોઈએ.

૭. બધાને સલામ કરવી જોઈએ.

૮. રસ્તો ભૂલનારને રસ્તા પર લાવવા જોઈએ.

૯. અલ્લાહ તઆલાની સાથે મોહબ્બત કરવી જોઈએ.

૧૦. અલ્લાહના દુશ્મનોથી નફરત કરવી જોઈએ.



TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 37

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ﴿١﴾ مَلِكِ النَّاسِ ﴿٢﴾ اِلٰهِ
النَّاسِ ﴿٣﴾ مِنْ شَرِّ الْوَسْوَاسِ ۵ الْخَنَّاسِ ﴿٤﴾ الَّذِیْ
یُوَسْوِسُ فِیْ صُدُوْرِ النَّاسِ ﴿٥﴾ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ ﴿٦﴾

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 38

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ۙ﴿۱﴾ مِنْ شَرِّ مَا خَلَقَ ۙ﴿۲﴾ وَ
مِنْ شَرِّ غَاسِقٍ اِذَا وَقَبَ ۙ﴿۳﴾ وَمِنْ شَرِّ النَّفّٰثٰتِ فِي
الْعُقَدِ ۙ﴿۴﴾ وَمِنْ شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ ﴿۵﴾

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org



بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

وَالْعَصْرِ ۝١ اِنَّ الْاِنْسَانَ لَفِيْ خُسْرٍ ۝٢

اِلَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ

وَتَوَاصَوْا بِالْحَقِّ ۙ وَتَوَاصَوْا بِالصَّبْرِ ۝٣

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org



بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

لِاِيْلٰفِ قُرَيْشٍ ۙ﴿۱﴾ اٖلٰفِهِمْ رِحْلَةَ الشِّتَآءِ وَالصَّيْفِ ۚ﴿۲﴾
فَلْيَعْبُدُوْا رَبَّ هٰذَا الْبَيْتِ ۙ﴿۳﴾ الَّذِيْۤ اَطْعَمَهُمْ مِّنْ
جُوْعٍ ۙ۬ وَّاٰمَنَهُمْ مِّنْ خَوْفٍ ۧ﴿۴﴾

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org



بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ﴿﴾

اَلَمْ نَشْرَحْ لَكَ صَدْرَكَ ۙ﴿١﴾ وَوَضَعْنَا عَنْكَ وِزْرَكَ ۙ﴿٢﴾
الَّذِيْٓ اَنْقَضَ ظَهْرَكَ ۙ﴿٣﴾ وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ۭ﴿٤﴾ فَاِنَّ
مَعَ الْعُسْرِ يُسْرًا ۙ﴿٥﴾ اِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا ۭ﴿٦﴾ فَاِذَا
فَرَغْتَ فَانْصَبْ ۙ﴿٧﴾ وَاِلٰى رَبِّكَ فَارْغَبْ ع ﴿٨﴾

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

## عکس اجازہ حضرت آیۃ اللہ العظمیٰ آقائی السید علی الحسینی السیستانی دام ظلہ الوارف

**Tanzeemul Makatib**
Golaganj, Lucknow-18 India
Telefax 0522 2615115, 2628923, 2618194
makatib@makatib.net
www.makatib.net

**تنظیم المکاتب**
[illegible]
[illegible]

بسمه تعالی

محضر مبارك
جناب مستطاب حضرت آية الله العظمیٰ السید علی السیستانی دام ظله الوارف
سلام علیکم ورحمة الله وبرکاته

احتراماً معروض می دارد که حضرت عالی اجازه ای برای سه سال جهت اخذ سهم مبارك امام علیه السلام به مبلغ ده ملیون روپیه هندی در سال را به سازمان تنظیم المکاتب مرحمت فرمودید که این اجازه باعث گسترش و ادامه فعالیت های این سازمان گردید.

اکنون در شرف اتمام این مدت با در نظر گرفتن توسعه فعالیتها و افزائش قیمت ها که موجب دو برابر شدن مخارج این سازمان شده است استدعا دارد اجازهٔ دیگری جهت اخذ بیست ملیون روپیه هندی در سال از داخل و خارج هندوستان برای تامین بودجه به سازمان تنظیم المکاتب مرحمت فرمائید

لازم به ذکر است که تمامی مخارج این سازمان از طریق وجوه شرعیه و تبرعات خیریه تامین می شود.

امیدوارم در ظل عنایات جناب عالی این سازمان در ارائه خدمات دینی فرهنگی بیش از پیش موفق باشد.

طول عمر و صحت وسلامتی حضرت عالی را از درگاه خداوند متعال خواستارم.

فتوکپی اجازهٔ قبلی پیوست می باشد.

والسلام علیکم ورحمة الله وبرکاته

سید علی حیدر
دبیر کل سازمان تنظیم المکاتب
لکهنؤ - هندوستان

بسمه تعالی
بالمبلغ سلام، مجازید در صرف ما یبلغ
پانزده ملیون روپیه از بابت سهم امام علیه السلام
جهت فعالیتهای مذکور فوق مصرف نمایید.
[illegible] الاقدس
[illegible] ۱۴۳۷ هـ

مذکورہ خدمات پر ڈیڑھ کروڑ روپے سالانہ سہم امامؑ خرچ کرنے کی اجازت دی جاتی ہے۔

मज़कूरा ख़िदमात पर डेढ़ करोड़ रुपये सालाना सहमे इमाम^(अ.स.) ख़र्च करने की इजाज़त दी जाती है।

Permission is given to spend Rupees Fifteen Milion annually out of Sahm_e_Imam a.s. On the mentioned Services.

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

# عکس اجازہ حضرت آیۃ اللہ العظمیٰ السید علی الحسینی الخامنہ ای دام ظلہ الوارف

**جناب حجت الاسلام آقای سید صفی حیدر** زید عزه
**دبیرکل محترم تنظیم المکاتب**

سلام علیکم،

دریی تسلیم نامهٔ جنابعالی مبنی بر درخواست اجازهٔ صرف وجوهات شرعیه در تنظیم المکاتب حضرت آیت الله العظمی خامنه‌ای مدظله العالی با پیشنهاد شما سالیانه به مبلغ ده میلیون روپیهٔ هندی موافقت فرمودند، لذا توجه جنابعالی را به یک مطلب جلب می‌نماید که در ازای مبالغ مأخوذه که تاسقف ده میلیون روپیه اجازه داده شده، لازم است اسامی صاحبان وجه را به دفتر ارسال تا برای هرکدام قبض صادر گردد. بدیهی است این شیوه اعتماد مردم را به شما و سازمان تنظیم المکاتب بیشتر خواهد کرد.

در پایان از خداوند تبارک و تعالی توفیق خدمت روزافزون شما را در امور آموزشی، دینی و فرهنگی مسئلت دارم.

**دفتر مقام معظم رهبری**
**معاون ارتباطات بین الملل**
**محمدحسن اختری**

آپ کے مطالبہ پر تنظیم المکاتب کے ضروریات پر ایک کروڑ سالانہ سہم امامؑ خرچ کرنے کی اجازت آیۃ اللہ العظمیٰ خامنہ ائی مدظلہ نے عنایت فرمائی ہے۔

तनज़ीमुल मकातिब को एक करोड़ रुपये सालाना सहमे इमाम अ०स० ख़र्च करने की इजाज़त है।

Tanzeemul Makatib permitted to use ten million Rupees of Sahme Imam(a.s.).

TANZEEMUL MAKATIB E_LIBRARY visit our website www.tanzeemulmakatib.org

TANZEEMUL MAKATIB
GOLAGANJ, LUCKNOW-226 018, U.P. INDIA
Phone: 0522-6565982, 6565985
Email: makatib.makatib@gmail.com